# પ્રેસનોટ

## મિલ્કત સંબંધી બે ગુનાઓ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી “કે” ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સાહેબનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ.વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી સહેજાદ ઉર્ફે સદામ મોહમદયુનુસભાઇ મોહમદહદીસભાઇ અંસારી ઉ.વ.૨૩ રહે : મ.નં.૭ આયશાબીબીની ચાલી ભારતી પાન સેન્ટરની પાસે મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેર નાને નંબર વગરના હોન્ડા એકટીવા કિ,રુ,૨૦,૦૦૦/ ની મતાની સાથે સી.આર.પી.સી.કલમ-૪૧(૧)ડી મુજબ પકડી લઇ પાલડી પો.સ્ટે.એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૬૨૦૦૦૨૮/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢી સદરી આરોપીની પુછપરછ દરમ્યાન દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં .૧૩૧/૨૦૧૯ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ નો ગુનો આચરેલ હોવાનું જણાવતા સદરી આરોપીને અત્રેના પોલીસ સ્ટેશનના ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી મિલ્કત સંબંધી બે ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.